**DATE: 22/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મેરેડિયન રેસીડન્સીના ફ્લેટમાંથી ગાંજો અને શંકાસ્પદ કેમિકલ મળ્યું

# પાનોલી ડ્રગ્સ કૌભાંડમાં પોલીસના ભરૂચ શહેરના કસક વિસ્તારમાં દરોડા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાનોલીમાંથી ઝડપાયેલાં 1,300 કરોડ રૂપિયાના ડ્રગ્સના સંદર્ભમાં ભરૂચ પોલીસે કસક વિસ્તારમાં આવેલી મેરેડીયન રેસીડન્સીના એક ફ્લેટ પર છાપો માર્યો હતો. છાપેમારીમાં ફ્લેટમાંથી ગાંજાની સાથે શંકાસ્પદ કેમિકલનો જથ્થો મળી આવ્યો છે. આ ફ્લેટમાં કૌભાંડનો ફરાર આરોપી રામેન્દ્ર દિક્ષિત રહેતો હતો.

ભરૂચ જિલ્લાની પાનોલી જીઆઇડીસીમાં આવેલી ઇન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીમાં ભરૂચ જિલ્લાના ઇતિહાસના સૌથી મોટું ડ્રગ્સ કૌભાંડનો પર્દાફાશ થયો હતો. કંપનીના સંચાલકોએ કેમિકલના ઉત્પાદનની આડમાં રેવ પાર્ટીઓમાં ઉપયોગમાં લેવાતાં ડ્રગ્સનું ઉત્પાદન શરૂ કરી દીધું હતું. મુંબઇના નાર્કોટીક્સ સેલ બાદ ભરૂચની એસઓજી તથા એલસીબીએ કંપનીમાં તપાસ કરી હતી જેમાં 1,300 કરોડ રૂપિયાનું ડ્રગ્સ મળી આવ્યું હતું. આ કૌભાંડમાં પોલીસે વધુ એક આરોપી હરેશ ભીમજી વાલાણીની ધરપકડ કરી છે. આરોપી સુરતનો રહેવાસી છે. ભરૂચ પોલીસની વિવિધ ટીમો ડ્રગ્સ કૌભાંડમાં એક પછી એક કડીઓ જોડી



રહી છે. અગાઉ પોલીસે ટીમે કંપનીના ચાર ભાગીદાર પૈકીના ચિતન પાનસેરિયા તેમજ જયંત તિવારી નામના શખ્સની ધરપકડ કરી તેમની પુછપરછ હાથ ધરી હતી. તેમની પુછપરછમાં આખું ષડયંત્ર કેવી રીતે ચાલતું હતું તેની સિલસિલાબધ્ધ વિગતો સામે આવી રહી છે પણ હજી કેટલાય આરોપીઓ પકડવાના બાકી છે. કૌભાંડની તપાસ દરમિયાન મહત્વની બાતમી મળતાં પોલીસે ભરૂચ શહેરના કસક વિસ્તારમાં આવેલી મેરેડીયન રેસીડન્સીના ફ્લેટ નંબર 204 પર છાપેમારી કરી હતી. આ ફ્લેટમાં ફરાર આરોપી રામેન્દ્ર દિક્ષિત રહેતો હતો. પોલીસે ફ્લેટની તપાસ કરતાં તેમાંથી 237 ગ્રામ ગાંજો તથા ત્રણ શંકાસ્પદ કેમિકલ મળી આવ્યાં છે. આ કેમિકલ કબજે લઇ તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

**DATE: 24/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# સાયખાં GIDCમાં સિદ્ધાર્થ એન્જી. કંપનીમાંથી ૭ લાખના ચોરીના મુદ્દામાલ સાથે ૭ ઈસમોને ઝડપી પાડ્યા

વાગરા : વાગરા પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ભેરસમ ગામ તરફથી વાગરા આવતી પીકઅપ જી.જે. ૨૩ વી ૩૮૦૯ ને અટકાવી હતી. તેમાં એમ.એસ.ની પાઈપો અંગે પૂછતાછ કરતા કોઈ આધાર પુરાવા રજુ કરેલ નહિ. આ અંગે વાગરા પોલીસે સી.આર.પી.સી ની કલમ ૧૦૨ મુજબ મુદ્દામાલ કબ્જે લીધો હતો. મુદ્દામાલ અંગે વધુ પૂછપરછ કરતા આ મુદ્દામાલ સાયખાં જીઆઈડીસીમાં આવેલ સિદ્ધાર્થ એન્જીનીયરિંગ કંપનીમાંથી ૩૧ એમ.એસ ની પાઈપો ચોરી કર્યાનું બહાર આવ્યુ હતુ. આ અંગે કંપની ના માલિક આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફેસલ ઈકબાલ પટેલ, હિફજુલ રહેમાન યાકુબ કોંગાબન્નેવ રહે આછોદ, તા.આમોદ, ઈશ્વર મનુ રાઠોડ, નિલેશ રમેશ વસાવા,અનીલ રમેશ રાઠોડ તેમજ જયેશ રતીલાલ વસાવા તમામ રહે ભેરસમ,તા.વાગરા ૭ લાખથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતાં.

DATE: 24/08/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

# જીતાલી ગામે પાંચ જુગારી ઝડપાયા

અંકલેશ્વર | અંકલેશ્વરના જીતાલી ગામે પોલીસે શ્રાવણીયો જુગાર રમતા 5 જુગારીયાઓને ઝડપી પાડી રોકડ રકમ અને બે મોબાઈલ મળી રૂપિયા 21 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અંકલેશ્વર તાલુકા પોલીસે જીતાલી ગામે રેડ કરતા 5 જુગારીયાઓને ઝડપી લીધા હતા.

**DATE: 25/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાંથી ચોરીના મોબાઈલ ફોન સાથે ત્રણ રીઢા ચોર ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ ખાતેની લાલ કોલોનીમાં થોડા દિવસ અગાઉ મોબાઈલ ચોરીની ઘટના બની હતી. આ ઘટના બાદ ફરિયાદીએ ઈ-એફઆઈઆરના માધ્યમથી પોલીસ ફરિયાદ દર્જ કરાવી હતી. જે અંગે ભરૂચ એલસીબી પોલીસ દ્વારા ટેક્નિકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગણતરીના દિવસોમાં ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

એલસીબીએ સુનીલ પરબત નાયક (રહે., કોંઢ, વાલિયા, મૂળ રહે.,લાલા કોલોની, કોસમડી, અંકલેશ્વર), જય ઉર્ફે જયકાંત સુભાષ સલાટ (રહે.,કોંઢ, વાલિયા) તેમજ વસીમ અહેમદ અંજાર અહેમદ સૈયદ (રહે.,શ્યામનગર, પીરામણ, અંકલેશ્વર)ની ધરપકડ કરી હતી, અને તેમની પાસેથી કુલ ૧૮ નંગ મોબાઈલ કિંમત રૂ.૯૮,૯૯૯નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, અને વધુ


વીણ તેરૈયા

તપાસ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે શરૂ કરી હતી. ઉલ્લેખનીય છે કે મોબાઈલ ચોરીમાં ઝડપાયેલા આરોપીઓ રાત્રી દરમિયાન મકાનનો દરવાજો ખુલ્લો હોય તે સમયે ચોરીને અંજામ આપતા હતા. જ્યારે સુનીલ નાયક અગાઉ બે ચોરીના ગુનાઓમાં જીઆઈડીસી પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.

**DATE: 25/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# ઝઘડિયાના વલી ગામ નજીક ખેપિયો ઝડપાયો

ઝઘડિયા: ઝઘડિયાના વલી ગામ નજીક મોટરસાઇકલ પર દેશી દારૂ લઈને જતા એક ઈસમને પોલીસે ઝડપી લીધો હતો. પોલીસે ચાલક રાકેશ હરિલાલ વસાવા (રહે.,કોલિયાપાડા, તા.નેત્રંગને કુલ રૂ.૧૨૦૬૦ના મુદ્દામાલ ઝડપી ગુનો દાખલ કર્યો હતો.

# ભરૂચમાં ટ્રકમાંથી 57.50 લાખનો દારૂ ઝડપાયો

સુરત: ભરૂચ એલ.સી.બી. ઇન્સપેક્ટર ઉત્સવ બારોટને બાતમી મળી હતી કે ટ્રક નંબર-MH - 12 - LI 7443માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી સુરત તરફથી વડોદરા તરફ જવાનો છે. જે અનુસાર ભરૂચથી વડોદરા તરફ જતા હાઇવે ઉપર શીતલ હોટલ પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમીવાળી ટ્રક આવતાં પોલીસે તેને અટકાવી ટ્રકમાં તપાસ કરતા ટ્રકમાંથી વિદેશી દારૂની ૫૭ હજારથી વધુની બોટલ મળી આવી હતી. પોલીસે 57.50 લાખનો દારૂ અને ટ્રક મળી કુલ ૬૭.૧૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને મધ્યપ્રદેશના અનીશખાન મજરખાન ખાન અને ખિજરખાં સાદીકખાંની ધરપકડ કરી હતી. જ્યારે બે બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યા હતા. ઝડપાયેલા બંને ઇસમને નબીપુર પોલીસને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 25/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# સજોદ ગામેથી 3.40 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગ હતી તે દરમિયાન અંકલેશ્વર ના સજોદ ગામે રહેતા અઠંગ બુટલેગર પ્રજ્ઞેશ નરેશ પટેલ ઘર પાસે પાર્ક કરેલ અલ્ટો કારમાં ઈંગ્લીશ દારૂ સંતાડેલો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરી હતી જો કે બુટલેગર પ્રજ્ઞેશ પટેલ ફરાર થઈ ગયો હતો .એલસીબી પોલીસે અલ્ટો કાર માંથી રૂપિયા 40.300 ની કિંમતનો ઈંગ્લીશ દારૂ મળી રૂપિયા 3.40 લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 25/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### એલસીબીની ટીમે નર્મદા મૈયા બ્રિજ પરથી પકડ્યો

# ભરૂચ જિલ્લામાં 13 ગુનામાં વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ / ભરૂચ

ભરૂચ જિલ્લામાં અલગ અલગ 13થી વધુ ગુનાઓમાં વોન્ટેડ આરોપીને એલસીબીની ટીમે ઝડપી પાડ્યો હતો.

ભરૂચ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં 13થી વધુ પ્રોહિબીશનના ગુનામાં વોન્ટેડ આરોપી જિજ્ઞેશ ઉર્ફે જિગો પરીખ તેની ઓરેન્જ કારમાં અંક્લેશ્વરથી ભરૂચ તરફ આવવાનો હોવાની ચોક્કસ બાતમીના આધારે એલસીબી પીઆઇ એમ. એચ. વાઢેર સહિત હેકો અજય રાઠવા, હિતેશ, અશોક સહિતનાઓએ તુરંત નર્મદા મૈયા બ્રીજ પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં કાર ત્યાંથી આવતાં પોલીસે કાર અટકાવતાં જિજ્ઞેશે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે તપાસ કરતાં કુખ્યાત બુટલેગર જિજ્ઞેશ ઉર્ફે જીગો કિરીટ પરિખ(રહે. સિદ્ધાર્થ એપાર્ટમેન્ટ, અંકલેશ્વર) વિરૂદ્ધ અંક્લેશ્વર જીઆઇડીસીમાં 4, અંક્લેશ્વર સીટી અને રૂરલ પોલીસમાં 1-1 ભરૂચ સી ડિવિઝનમાં 5, એ ડિવિઝનમાં 1 તેમજ દહેજ પોલીસ મથકે 1 કેસ મળી કુલ 12 પ્રોહિબિશનના કેસ નોંધાયેલાં હોવાનું માલુમ પડ્યું હતું.

# ઝઘડીયાની કંપનીઓમાંથી ચોરી કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડીયા

જીઆઈડીસીમાં હિન્દુસ્તાન સ્પેશીયાલીટી કેમિકલ અને આરતી થ્રીએમ પ્રોજેક્ટ કંપનીમાંથી 57 હજાર રૂપિયાની ચોરીના આરોપીઓને પોલીસે ઝડપી પાડયાં છે. ઝઘડીયાના પીઆઈ વી.આર. ભરવાડ તથા સ્ટાફના માણસોએ સરદારપુરા ચોકડી પાસેથી પસાર થતી પીકઅપ ગાડીને રોકી હતી. તેમાં સવાર સદામખાન અને લવકુશ પ્રજાપતિ તથા જયશંકરસિંગની અટકાયત કરી પુછપરછ આદરી હતી. ગાડીમાંથી મળી આવેલો સામાન ચોરીનો હોવાની કબુલાત કરી હતી.

**DATE: 26/08/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે 6 ગાય અને 5 વાછરડાંને એક પિકઅપમાંથી મુક્ત કરાવ્યાં

# વાલીયાના કરા ગામ પાસેથી ગૌવંશ ભરેલી પિકઅપ ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | વાલીયા



વાલીયા નજીક આવેલાં કરા ગામ નજીકથી પોલીસે ગૌવંશનું વહન કરતી પીકઅપને ઝડપી પાડી છે. પોલીસે પીકઅપમાંથી 6 ગાય અને એક વાછરડાને મુક્ત કરાવી પાંજરાપોળમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરી છે.

વાલિયા તાલુકાના કરા ગામ પાસેથી પોલીસે ગૌ વંશને કતલના ઈરાદે લઈ જતી પીકઅપ ગાડી સાથે બે ઈસમોને ઝડપી પાડી 6 ગાય અને 5 વાછરડાને મુક્ત કરાવ્યા હતા.વાલિયા તાલુકામાં પશુધનનું મોટાપાયે કતલખાની હેરાફેરી થઈ રહી છે.અગાઉ પણ ઘણી વખત પશુધન કતલખાને લઈ જતા ઝડપી પાડ્યું હતું ત્યારે હાલ પર્યુષણ પર્વ શરૂ થઈ રહ્યો છે ત્યારે સઘન કડકપણે નિયમોનું પાલન કરાવવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.વાલિયા પોલીસને કતલના ઈરાદે બોલેરો પીકઅપ ગાડી માં બે ઈસમો ગાય અને વાછરડા ભરી વાલિયા તાલુકાના કરા ગામ પાસેથી પસાર થવાના છે જેવી બાતમીના આધારે વાલિયા પોલીસે કરા ગામ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન પીકઅપ ગાડી આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરતા ગાડીમાંથી ખીચોખીચ ભરેલ 6 ગાય અને પાંચ ગૌ વંશ મળી આવ્યા હતા પોલીસે તમામ પશુઓને મુક્ત કરાવ્યા હતા અને પશુ તેમજપીકઅપ ગાડી મળી કુલ 2.48 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો પોલીસે ઝંખવાવ ગામના મુલતાની ફળિયામાં રહેતો ગાડી ચાલક ફેઝલ હુસેન મુલતાની તેમજ ઈકરાર એયુબ મુલતાનીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### શ્રીજી પર્વ શાંતિપૂર્વક ઉજવાય તે માટે કવાયત

# અંકલેશ્વરમાં અધિકારીઓ અને પદાધિકારીઓની બેઠક



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાલિકા સભાખંડ ખાતે ગણેશ ઉત્સવ અનુલક્ષી બેઠક યોજાઈ હતી. ગણેશ મંડળના સભ્યો જોડે આગામી ગણેશ ઉત્સવ ની ચર્ચા ડી.વાય.એસ.પી અંક્લેશ્વર ની અધ્યક્ષતા માં કરાઈ હતી. ડી.વાય. એસ.પી દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાઈ એ રીતે ઉત્સવ ઉજવવા અપીલ કરી હતી.

જ્યારે અન્ય વિભાગ ને સંબંધિત વ્યવસ્થા કરવા પણ રજૂઆત કરાઈ હતી. નગરપાલિકા સભાખંડ ખાતે અંકલેશ્વર ડી.વાય.એસ પી ચિરાગ અધ્યક્ષતા માં ગણેશ મંડળ ના સભ્યો જોડે બેઠક યોજવામાં આવી હતી. જેમાં પાલિકા પ્રમુખ વિનય વસાવા, શહેર પી.આઈ સહીત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મંડળો નોંધી તેમજ રૂટ શોભાયાત્રા અંગે મજૂરી સહીત મુદ્દા પર ચર્ચા કરાઈ હતી. તેમજ ગણેશ મંડળ દ્વારા રસ્તા, સફાઈ તેમજ વિસર્જન વ્યવસ્થા સહીત લાઈટીંગ અંગે પણ ચર્ચા વિમર્શ કરવામાં આવી હતી.